૧

# સમજૂતી કરાર (MoU)

## ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
## (Deemed to be University)

### તથા

## એચ.એ. કૉલેજ ઑફ કોમર્સ, અમદાવાદ

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સને 1920માં મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત આઝાદી તથા અસહકારની ચળવળની પશ્ચાદ્ભૂમાં સ્થપાયેલી ઉચ્ચ શિક્ષણ તેમજ લોકસેવામાં કાર્યરત ઐતિહાસિક રાષ્ટ્રીય સંસ્થા છે.

એચ.એ. ગાંધીયન સોસાયટી, એચ.એ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ દ્વારા અધ્યાપકો અને વિદ્યાર્થીઓમાં પાયાના ગાંધી મૂલ્યો અને વિચારધારાનો પ્રસાર અને પ્રચાર થાય તેવા હેતુથી એચ. એ. કોલેજ ઓફ કોમર્સ અને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ વચ્ચે આ સમજૂતી કરાર કરવામાં આવે છે.

❖ <u>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી નીચે પ્રકારની સેવાઓ મળશેઃ</u>

(1) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ પાયાના ગાંધી મૂલ્યો અને વિચારધારાના પ્રસાર અને પ્રચાર થાય તેવા હેતુથી એચ.એ. કોલેજ ઓફ કોમર્સ વચ્ચે નિષ્ણાંતો અને વિદ્યાર્થીઓનું આદાન પ્રદાન કરવામાં આવશે.

(2) ગૂજરાત વિદ્યાપીઠ પોતાના તજજ્ઞો દ્વારા એચ.એ. ગાંધીયન સોસાયટી, એચ.એ. કોલેજ ઓફ કોમર્સ દ્વારા પાયાના ગાંધી મૂલ્યો અને વિચારધારાનો પ્રસાર અને પ્રચાર થાય તેવા હેતુથી યોજવામાં આવનારા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં સહકાર અને મદદ કરશે.

(3) ગૂજરાત વિદ્યાપીઠ એચ.એ. ગાંધીયન સોસાયટી, એચ.એ. કોલેજ ઓફ કોમર્સ દ્વારા પાયાના ગાંધી મૂલ્યો અને વિચારધારાનો પ્રસાર થાય તેવા હેતુથી યોજવામાં આવનારા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની ગુણવત્તાનું મૂલ્યાંકન કરી જરૂરી માર્ગદર્શન આપશે.

❖ <u>એચ.એ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદની ફરજો અને જવાબદારીઓઃ</u>

(1) એચ.એ. કોલેજ ઓફ કોમર્સ અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને અન્ય સંસ્થાઓમાં પાયાના ગાંધી મૂલ્યો અને વિચારધારાનો પ્રસાર અને પ્રચાર થાય તે માટે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે પરસ્પરના સહયોગથી સેમિનાર, કાર્યશિબિરો, જાગૃતતાના કાર્યક્રમો યોજશે.

(2) એચ.એ. કોલેજ ઓફ કોમર્સ પાયાના ગાંધી મૂલ્યો અને વિચારધારાનો પ્રસાર અને પ્રચાર માટેના કાર્યક્રમો યોજવા માટે જગ્યા આપશે અને જરૂરી નિષ્ણાંતોને આમંત્રિત કરશે.

H. A. COMMERCE COLLEGE AHMEDABAD

અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને અન્ય સંસ્થાઓમાં ગાંધી મૂલ્યો અને વિચારધારાના પ્રસાર અને પ્રચાર માટેના આ સમજૂતી કરારને અમો નીચે સહી કરનાર પક્ષકારો સમંતિ આપીએ છીએ.

તારીખઃ-10/12/2020

સ્થળઃ- અમદાવાદ

(ડૉ. સંજય વકીલ)
આચાર્ય
એચ. એ. કોલેજ ઑફ કોમર્સ,
અમદાવાદ-380 006

(ડૉ. ભરત જોશી)
કા.કુલસચિવ
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-380 014

H. A. COMMERCE COLLEGE AHMEDABAD

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૩૮૦ ૦૧૪.

Principal
H. A. College of Commerce
Ahmedabad-380 006

H. A. COMMERCE COLLEGE AHMEDABAD